

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

હવે પરિષદનું પુસ્તકાલય જાણે ઘેર-ઘેર પહોંચ્યું છે. આધુનિક ટેક્નૉલોજીની આ કમાલ, ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના વાહનનું સક્ષમ સાધન પુરવાર થયું છે. જ્યારે પુસ્તકાલયમાં બાળવિભાગનું આયોજન થયું ત્યારે એ કલ્પના ન હતી કે પરિષદનાં ૭૦ હજાર પુસ્તકોનાં શીર્ષકો દરેક ''નેટ યુઝર'' સુધી પહોંચશે. ધીરે-ધીરે ગ્રંથાલયના કર્મચારીઓની મહેનત અને રૂપલબહેન મહેતાની લગનથી આ બધું શક્ય બન્યું છે. કેટલાંકે પુસ્તકાલયના ફ્લોરિંગમાં શ્રમદાન કર્યું, કેટલાંકે આર્થિક દાન કર્યું અને કેટલાંક મિત્રોએ પ્રોત્સાહનનું દાન કર્યું. પરિણામે આખા પુસ્તકાલયનું નવીનીકરણ થયું અને બધાં પુસ્તકોનું ''ઑટોમઇઝેશન'' થયું. કમ્પ્યૂટરમાં વર્ગીકરણયુક્ત એન્ટ્રીઓ થઈ. ગ્રંથાલય વિભાગના શેખ સાહેબે ખૂબ સ્નેહથી ગ્રાન્ટનું આયોજન કરી આપ્યું હતું. હવે આ લિંક પરથી અથવા પરિષદની વેબસાઇટ પરથી હાલ ૬૧ હજાર પુસ્તકોના શીર્ષકલેખકો જોઈ શકાશે. પુસ્તક અહીં છે કે નહીં, તે ઘેર બેઠાં ખબર પડશે અને મેઇલ કરી એને મેળવી શકાશે, રિન્યૂ કરી શકાશે.

બીજો એક અગત્યનો કાર્યક્રમ હાલ ગુજરાતી લેક્સિકોનની મદદ દ્વારા ચાલે છે, એ છે – ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતાના તાલીમ વર્ગો. એ માટે ગૂજરાત વિદ્યાપીઠનો પણ સહકાર સાંપડ્યો છે. ગુજરાત લેક્સિકોન અને ગુજરાતી સાહિત્ય પરિષદે સાથે મળીને શરૂ કરેલો આ કાર્યક્રમ નિરંતર ચાલે અને વધુ ને વધુ લોકો એનો લાભ લે એ જરૂરી છે.

સમગ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં ગુજરાતી ભાષાપ્રેમીઓ માનદ સેવા આપવા તત્પર છે, તેમણે પોતાના સ્થાને નીચેના કાર્યક્રમોનો આરંભ કરવો જોઈએ...

૧. માતૃભાષા કૌશલ અભ્યાસક્રમ.

૨. ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા.

૩. ઇન્ટરનેટ પર પસંદગીનું ગુણવત્તાયુક્ત ગુજરાતી સાહિત્ય મૂકવા અંગે.

આ અંગે પરિષદ આર્થિક સહાય વગર વિધેયાત્મક રીતે મદદ કરવા તત્પર છે.

અસ્તુ.

## **૨૭મું જ્ઞાનસત્ર**

તારીખ : ૨૧/૨૨/૨૩ ડિસેમ્બર, ૨૦૧૨
યજમાન સંસ્થા : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
જ્ઞાનસત્રનાં અધ્યક્ષ : શ્રી વર્ષા અડાલજા

**પહેલી બેઠક તા. ૨૧-૧૨-૨૦૧૨, શુક્રવાર, સવારે ૧૧.૦૦ થી ૧.૦૦**

**ઉદ્‌ઘાટન-બેઠક**

અધ્યક્ષ : શ્રી વર્ષા અડાલજા
પ્રમુખનો પરિચય : શ્રી રઘુવીર ચૌધરી
પ્રાસંગિક : શ્રી ભગવતીકુમાર શર્મા – શ્રી અનિલા દલાલ

**બીજી બેઠક તા. ૨૧-૧૨-૨૦૧૨, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૩૦**

સર્જકનું પુનઃમૂલ્યાંકન : જયંત પાઠક
અધ્યક્ષ : રવીન્દ્ર પારેખ
કવિતા વિશે : સતીશ વ્યાસ
સર્જનાત્મક ગદ્ય : મણિલાલ હ. પટેલ
વિવેચન : વિજય શાસ્ત્રી
સંચાલન : નીતિન વગડામા

**ત્રીજી બેઠક તા. ૨૧-૧૨-૨૦૧૨, શુક્રવાર, રાત્રે ૭.૩૦થી ૮.૩૦ પારિતોષિક-વિતરણ**

સંચાલન : પ્રફુલ્લ રાવલ, અધ્યક્ષ : શ્રી વર્ષા અડાલજા

**ચોથી બેઠક 'મળેલા જીવ'નું વાચિકમ્**

સંકલન અને નિર્દર્શન : પરેશ નાયક, સહયોગ : દૃષ્ટિ પટેલ
કલાકારો : રાજુ બારોટ, આરતી પટેલ, અર્ચન ત્રિવેદી, મોરલી પટેલ, ભરત ઠક્કર, જિગીષા ત્રિવેદી, તુષાર દવે

**તા. ૨૨-૧૨-૨૦૧૨, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૩૦**

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**પાંચમી બેઠક તા. ૨૨-૧૨-૨૦૧૨, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**

બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૦-૨૦૧૧)
અધ્યક્ષ : દીપક મહેતા
કવિતા : અજયસિંહ ચૌહાણ
નાટક : શૈલેષ ટેવાણી
વિવેચન : પારુલ દેસાઈ
ચારિત્ર-સાહિત્ય : સંધ્યા ભટ્ટ
અનુવાદ : રૂપા શેઠ
સંચાલન : કીર્તિદા શાહ

**છઠ્ઠી બેઠક તા. ૨૨-૧૨-૨૦૧૨, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**

બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૦-૨૦૧૧)

અધ્યક્ષ : કિરીટ દૂધાત

ટૂંકી વાર્તા : કનુ ખડદિયા

નવલકથા : દીપક પટેલ, અજય રાવલ

નિબંધ : યશોધર રાવલ

સંશોધન-સંપાદન : રાજેશ્વરી પટેલ

બાળસાહિત્ય : વિરંચિ ત્રિવેદી

સંચાલન : જનક નાયક

**સાતમી બેઠક રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

**આઠમી બેઠક તા. ૨૩-૧૨-૨૦૧૨, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

સાહિત્યસ્વરૂપ : નવલકથા : સમકાલીન નવલકથા

અધ્યક્ષ : ઇલા આરબ મહેતા

વક્તા : ભરત મહેતા (સ્થિત્યંતર : સામગ્રીલક્ષી)

ગુણવંત વ્યાસ (સ્થિત્યંતર : સ્વરૂપલક્ષી)

યોગેન્દ્ર વ્યાસ (ભાષાકર્મ)

સંચાલન : યોગેશ જોષી

**નવમી બેઠક દક્ષિણ ગુજરાતની લોકકથા, સવારે ૧૧.૦૦થી ૧.૦૦**

અધ્યક્ષ : ભગવાનદાસ પટેલ

વક્તા : જયાનંદ જોષી – લોકકથાનું સ્વરૂપ

વિક્રમ ચૌધરી – ધોડિયા અને ચૌધરી લોકકથાઓ

ડાહ્યાભાઈ વાઢુ – કુંકણા લોકકથાઓ

સંચાલન : દક્ષા વ્યાસ

**બેઠકના પ્રારંભે લોકકથાનું નિદર્શન અપાશે.**

**દશમી બેઠક સમાપન બેઠક બપોરે ૧.૦૦થી ૧.૩૦**

આભારદર્શન : યજમાન સંસ્થા વતી : ડૉ. દક્ષેશ ઠાકર, કુલપતિશ્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : રાજેન્દ્ર પટેલ, મહામંત્રી

**નોંધ :** જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતાં સૌ તા. ૧૫-૧૨-૨૦૧૨ સુધીમાં ભોજન ઉતારા ફી અને પ્રતિનિધિ શુલ્કના રૂ. ૩૦૦/- તથા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦/- ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ને મોકલી આપવા વિનંતી.

## અધિવેશન સ્થળ

વીરનર્મદ, દક્ષિણગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત
સૂરત જ્ઞાનસત્ર માહિતી માટે સંપર્ક : શ્રી કે. આર. મહેતા : ૯૭૨૩૪૩૩૯૬૯,
હિતેશ વાઘેલા : ૯૭૨૩૪૩૩૯૭૪

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઊગ્યો ધૂળનો સૂરજ

૨૯-૯-૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને સંસ્મૃતિ સંસ્થા ભૂજ દ્વારા પરિષદના રા. વિ. પાઠક સભા ગૃહમાં સુવિખ્યાત સાહિત્યકાર સ્વ. ડૉ. જયંત ખત્રીના જીવનપ્રસંગો તથા સર્જનકર્મને ઉજાગર કરતું નાટક 'ધૂળનો સૂરજ' જામનગરની નવલી આર્ટ, કલા સંસ્થા દ્વારા સફળતાપૂર્વક ભજવાયું હતું જેમાં બહોળી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ હાજર રહ્યા હતા. આ નાટકના લેખક સતીશ વ્યાસ, દિગ્દર્શક પીયૂષ ભટ્ટ અને સંગીત અર્પણ ભટ્ટે આપ્યું હતું. આ પ્રસંગે જયંત ખત્રીના પરિવારે લેખક, દિગ્દર્શકનું અને ગોરધન કવિએ નાટ્યકારો અને દિગ્દર્શકનું સન્માન કર્યું હતું. ડૉ. જયંત ખત્રીના મુખ્ય પાત્રમાં અભિષેક વોરા અને સાથીકલાકારો તરીકે ધર્મેન્દ્ર ગઢિયા, વિશેષ કનખરા, કેયૂર પંડ્યા, માસ્ટર દર્પક, માસ્ટર માધવેશ, પીયૂષ ભટ્ટ, હેમાલી ભટ્ટ, નિધિ ભટ્ટ, પૂજા પાલેજા, હેમાક્ષી પીઢડિયા, અમૃતા ગોરેચા વગેરે હતાં. સર્વશ્રી વસંત ગઢવી, પ્રણવ અદાણી, રાજેન્દ્ર પટેલ, મનસુખ સલ્લા, ચિનુ મોદી, પરેશ નાયક, ભરત મહેતા, આનંદ વસાવા વગેરેએ કલાકારોની જહેમત અને દિગ્દર્શકની સૂઝને વધાવી લીધી હતી.

## ગ્રંથ સાથે ગોઠડી

તા. ૨-૧૧-૨૦૧૨ના રોજ જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે તેત્સુકો કુરોયાનોગીકૃત અને રમણ સોની અનૂદિત 'તોત્તો-ચાન' પુસ્તકનો આસ્વાદ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે 'તોત્તો-ચાન'માં સર્જનાત્મક શિક્ષણનું કામ છે. તેનું પેટાશીર્ષક જ મજાનું છે. 'બારીએ ઊભેલી બાલિકા' આ પુસ્તકમાં નવું નવું બનવાનું જાણવાની જિજ્ઞાસાવૃત્તિવાળી બાલિકાની વાત છે. જે સ્કૂલના સંગીતપ્રેમી અને પ્રકૃતિપ્રેમી હેડમાસ્તર ઓબાયસી છે. આ તોમોએ સ્કૂલમાં વિદ્યાર્થીઓ મનગમતી પ્રવૃત્તિઓ કરીને શિક્ષણ પ્રાપ્ત કરે છે. – વગેરે મુદ્દાની વિગતે ચર્ચા કરી હતી. ઉપસ્થિત ભાવકોએ આ અતિ લોકપ્રિય પુસ્તકનો આસ્વાદ ચર્ચા કરતાં કરતાં માણ્યો હતો. હરીશ ખત્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો અને સંચાલન કર્યું હતું.

**ઇતુભાઈ કુરકુટિયા**

## અનુવાદ-અભિમુખતા

તા. ૬-૧૨-૨૦૧૨ના મંગળવારે અનુવાદ-અભિમુખતાની બેઠકમાં વીરેન્દ્ર નારાયણસિંહે (ભા'સાહેબ) કહ્યું કે અનુવાદ કરવાની શરૂઆત મારા માટે એક આપદ્ ધર્મ રૂપે થઈ છે. પાઠ્યપુસ્તકથી શરૂ થયેલી અનુવાદપ્રવૃત્તિ વિવિધ ઋણ ફેડવા માટે થઈ છે. 'મીરાં યાજ્ઞિકની ડાયરી' અને 'અખે પાતર' મિત્રઋણ, 'સરસ્વતીચંદ્ર' ભાગ ૨, ૩ અને રઘુવીર ચૌધરીની કેટલીક કવિતાઓ ભાષાઋણ (પોતે બનારસી બાબુ છે.), અને 'ગાંધીકથા' તથા જયંત ગાડીતની 'સત્ય' ભાગ ૧, ૨ ગુરુઋણ ચૂકવવા થયેલા અનુવાદો છે. મુખ્યત્વે તેમણે

ગાંધીકથા કથનશૈલીમાં હોવાથી તેનો હિંદી અનુવાદ કરતાં જે જે મુશ્કેલીઓ પડી તેની વાત કરી. સૌથી પહેલો પ્રશ્ન આવ્યો તેમાં ગવાતાં ગીતોનો. પરંતુ શ્રી નારાયણભાઈ દેસાઈનાં સૂચનો, કેટલાક શબ્દપ્રયોગો અને વાક્યરચનામાં તેમની અનુમતિ તથા હિંદીમાં અનૂદિત ગીતોનો આધાર મળતાં. આ કામ ટૂંકી સમય મર્યાદામાં કરવાનું હોવા છતાં પાર પાડ્યું. તેમણે બધાં જ વ્યક્તિવાચક નામો માટે ગાંધી વાઙ્મયના ગ્રંથોને આધારભૂત ગણ્યા હતા. ત્યારબાદ તેમણે તેમાંથી બે-ત્રણ ફકરા તથા શ્રી રઘુવીર ચૌધરીની કેટલીક કવિતાઓનું પઠન કર્યું હતું. તેમની શુદ્ધ બનારસી હિંદી ભાષા સાંભળી શ્રોતાઓએ પ્રસન્નતા વ્યક્ત કરી.

**રૂપા શેઠ**

## 'શારદા સાહિત્યગોષ્ઠિ' અંતર્ગત

'શારદા સાહિત્યગોષ્ઠિ' નામથી પરિષદના કાર્યક્રમોની એક શ્રેણી મુંબઈમાં ચાલે છે. જેના અંતર્ગત તા. ૧૩-૫-૨૦૧૨ના રોજ શોભિત દેસાઈએ 'અંદાજે બયાં ઔર' યાને ગાલિબના જીવન-કવન ઉપર વક્તવ્ય આપ્યું હતું. તા. ૮-૭-૨૦૧૨ના રોજ મુકેશ જોશી અને હિતેન આનંદપરાએ ચૂંટેલા સ્વાતંત્ર્યોત્તર કવિઓની રચનાઓનું પઠન કર્યું હતું. તા. ૯-૯-૨૦૧૨ના રોજ 'મીરા પ્રેમદીવાની' વિશે જવાહર બક્ષીએ વક્તવ્ય રજુ કર્યું હતું. એ જ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થવા બદલ વર્ષા અડાલજાનું સન્માન મુંબઈ વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ મોહિત શાહે કર્યું હતું. તા. ૧૪-૧૦-૨૦૧૨ના રોજ વિનોદ જોશીએ 'શાકુંતલ સંસ્કૃતિ પર પ્રકૃતિની સરસાઈ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ત્રણસોથી ચારસો ભાવકોએ માણેલા આ ચારેય કાર્યક્રમો 'સાહિત્યસંપદા'ના સહયોગથી પ્રેમપુરી આશ્રમના સભાખંડમાં યોજાયા હતા, જેનું સંચાલન ઉદયન ઠક્કરે કર્યું હતું.

# પરિષદના આગામી કાર્યક્રમો

## પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૮-૧-૨૦૧૩ના મંગળવારે 'સાહિત્ય અને પત્રકાર' વિશે એક દિવસનો પરિસંવાદ.

## ગ્રંથ સાથે ગોઠડી

સંયોજક : હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા, તા. ૪-૧-૨૦૧૩ના રોજ વર્જિનિયા વૂલ્ફકૃત 'એ રૂમ ઑફ વન્સ આઉમ' અને રંજના હરીશ અનૂદિત 'પોત્તાનો ઓરડો' પુસ્તકનો આસ્વાદ પારુલ કંદર્પ દેસાઈ સાંજે ૬.૦૦ કલાકે કરાવશે.

## પાક્ષિકી

સંયોજક : દીવાન ઠાકોર, તા. ૬-૧૨-૨૦૧૨ના રોજ સુરેશ ઓઝા અને તા. ૨૦-૧૨-૨૦૧૨ના રોજ જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ વાર્તાનું સાંજે ૬.૦૦ કલાકે પઠન કરશે.

## બુધસભા

શ્રી ધીરુ પરીખની નિશ્રામાં તા. ૫, ૧૨, ૧૯, ૨૬-૧૨-૨૦૧૨ બુધવારે સાંજે ૭.૦૦ કલાકે બુધસભા.